ગાંધીનગર ભાસ્કર પાના નં. ૦૪, તા. ૦૨.૦૮.૨૦૨૫

## આજે પાટનગરનો 61મો સ્થાપના દિવસ ઊજવાશે, વિકાસની વાટે દેશના મહાનગરોની હરોળમાં ઊભું છે

# 6 દાયકામાં શહેરની કર્મચારી નગરથી મેટ્રો- રીવરફ્રન્ટ સુધીની સફર

ભાસ્કરન્યૂઝ.ગાંધીનગર

રાજ્યના પાટનગર ગાંધીનગરનો શનિવારે 61મો સ્થાપના દિવસ છે. સમગ્ર રાજ્ય અને દેશના અનેક ખૂણેથી આવીને વસેલા લોકોએ ગાંધીનગરને પોતીકું માન્યું છે. આ શહેર મૂળ કોઈનું વતન નથી પણ સૌના દિલમાં છે. એકસમયે જીઆર અને સીઆરનું તેમજ કર્મચારીઓનું નગર તરીકે ઓળખાતું ગાંધીનગર 5 દાયકામાં વિકાસની વાટ પકડીને રાજ્યના અન્ય મહાનગરોની સમકક્ષ ઉભું છે.

1960માં ગરવા ગુજરાતની સ્થાપના થયા બાદ અમદાવાદની ભીડભાડથી દૂર શાંત અને રમણીય સ્થળે ગુજરાતની રાજધાની સ્થાપવાનો વિચાર કરાયો અને 2જી ઓગસ્ટ 1965ના રોજ ગાંધીનગરની સ્થાપનાની પ્રથમ ઇંટ મૂકાઇ હતી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સન્માનમાં શહેરનું નામ ગાંધીનગર રાખવામાં આવ્યું હતું. શરૂઆતના સમયમાં માત્ર કર્મચારીઓના નગર તરીકે ઓળખાતા પાટનગરમાં હવે અનોખી વાયબ્રન્સી જોવા મળે છે. મહાત્મા મંદિર અને ગિફ્ટ સિટીએ તેને વૈશ્વિક ઓળખ અપાવી છે. મેટ્રો રેલની સુવિધા મેળવનાર રાજ્યનું બીજું શહેર બન્યું છે. એક સમયે નાગરિકોને વસાવવા ટોકન દરે પ્લોટ આપવા પડતા હતા જ્યારે આજે ગાંધીનગર રીયલ એસ્ટેટમાં પણ અમદાવાદ અને સુરતની હરોળમાં ઉભું છે.

શૈક્ષણિક ક્ષેત્રમાં, ગાંધીનગરનું ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IITGN), નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન (NID), પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટી (PDEU), ધીરૂભાઇ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેનશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (DAIICT) વગેરે દેશની શ્રેષ્ઠ સંસ્થાઓમાં ગણાય છે. આ સંસ્થાઓમાં દેશ-વિદેશના વિદ્યાર્થી અને પ્રોફેસર શૈક્ષણિક અને રિસર્ચ પ્રવૃત્તિઓમાં કાર્યરત છે.

આજના દિવસે 60 વર્ષની સફરમાં ગાંધીનગર શહેર પોતાના ઉજવળ ભવિષ્ય તરફ આગળ વધી રહ્યું છે. ટેક્નોલોજી અને ઈનોવેશનના વિકાસ સાથે જોડાયેલા આ શહેરને 'સ્માર્ટ સિટી' તરીકે ડિઝાઇન કરવાનું આયોજન ચાલી રહ્યું છે. શહેરમાં નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ, ટ્રાન્સપોર્ટેશન અને કમ્યુનિકેશન સિસ્ટમ્સ, અને અન્ય સુવિધાઓનો સતત વિકાસ થઈ રહ્યો છે.



### મેટ્રો દોડતી થઇ, રીવરફ્રન્ટના પાયા નંખાયા

શહેરમાં હાલ ઘણા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે, જે શહેરના વિકાસને નવી ઉંચાઈઓ પર લઈ જશે. ગાંધીનગર સ્માર્ટ સિટી મિશન હેઠળ શહેરમાં અનેક આધુનિકીકરણના પ્રોજેક્ટ્સ ચાલુ છે. જેમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, સ્માર્ટ વોટર મેનેજમેન્ટ અને ઈન્ટિગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમનો સમાવેશ થાય છે. વિવિધ સ્થળોએ આઇકોનિક રોડ બનાવવામાં આવી રહ્યા છે. ગાંધીનગરમાં મેટ્રો રેલ દોડતી થઈ છે જ્યારે રિવરફ્રન્ટનું કામ પણ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે.

### મહાપાલિકા દ્વારા આજે પ્રથમવાર ઉજવણી કરાશે

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પ્રથમવાર સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. શનિવારે સવારે 9 કલાકે સેક્ટર-17 ટાઉનહોલ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મહાનગરપાલિકાના સ્થાપના દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાશે.